ગાંધીનગર સમાચાર
તા. ૧-૧-૨૦૧૨, મંગળવાર

## તંત્રી સ્થાનેથી.....

### ૨૦૧૩નું પરોઢ : ઉજળાં એંધાણ
### 'યાહોમ કરીને પડો, ફતેહ છે આગે...'

૨૦૧૨ની વિદાય અને ૨૦૧૩નું આગમન. એક રીતે જોતાં આપણે ઈતિહાસના વિશિષ્ટ સંધિકાળ પર ઊભા છીએ. ૨૦૧૨ની ૨૧મી ડિસેમ્બરે માયા કૅલેન્ડર પુરું થયું પરંતુ અર્થઘટન કરનારાઓની દહેશત મુજબ કોઈ પ્રલય ન થયો ! હા, ૨૦૧૨નું વર્ષ વિશિષ્ટ મૂલ્યો અને પ્રસંગોને લીધે યાદગાર જરૂર બની રહ્યું. માનવ-મૂલ્યો એ શાશ્વત ધરોહર છે. આવાં શાશ્વત મૂલ્યોને કોઈ એક પેઢીનો ઈજારો ગણી લેવાથી આપણે આપણી જાતને અન્યાય કરીએ છીએ, બલકે અજાણતાં જ માનવજાતનો અપરાધ કરી બેસીએ છીએ.

ગાંધીજીના સમયમાં જે સત્યાગ્રહનું આંદોલન થયું તેનું જ આછું-પાતળું પુનરાવર્તન ૨૦૧૨ના અણ્ણા આંદોલનમાં જોવા મળ્યું. અન્યાય, ભ્રષ્ટાચાર અને દુરાચાર સામેનો ભારેલો અગ્નિ એકાદ અણ્ણા નામની ચિનગારીથી ભડકી ઊઠ્યો. એમાં સામેલ થઈ ગયો આખો દેશ. વિશેષપણે દેશની નવી પેઢીએ એની ભીતર હજી લગી એ વિદ્રોહની આગ અકબંધ હોવાની પ્રતીતિ કરાવી. મિડીયાએ યુવાનોનાં હૈયે પ્રજળતી સંવેદનાને વાચા આપવાનો પ્રશંસનીય અભિગમ અપનાવ્યો. એક અજાણી બાળા સાથે દિલ્હીની બસમાં થયેલા ઘૃણાસ્પદ દુરાચારથી દેશ આખો હલી ગયો. નઘરોળ તંત્ર અને રાજકારણીઓ ઉપરાંત રક્ષણની જવાબદારી પ્રત્યે બેદરકાર પોલીસ તંત્ર સામે દેશનો યુવાન બૂલંદ સ્વરે એનો વિરોધ નોંધાવવાની હિંમત દર્શાવે છે તે જ શું રાષ્ટ્રની ઉજળી આવતી કાલની એંધાણી નથી ? ગુજરાતની ચૂંટણી હોય કે રાષ્ટ્રીય સ્તરે કાળા નાણાં પરત લાવવાની વાત - દેશનો યુવાવર્ગ એક નિશ્ચિ લક્ષ્ય નજર સામે રાખીને મેદાનમાં ઊતરી શકે છે. એને પોતાના ભવિષ્ય આડે આવતા અવરોધો સામે રોકડો અને અસરકારક જવાબ આપતાં આવડે છે. દિલ્હીની કડકડતી રાતોમાં આ દેશનો નવયુવાન જંતરમંતર પર ધરણાં કરી શકે છે, એક અજાણી બાળા સામે થયેલા દુષ્કર્મનો ન્યાય માગવાનો પોતાનો મૂળભૂત અધિકાર પ્રસ્થાપિત કરી શકે છે. એ સરકારથી કે પોલીસના આતંકથી ડરતો નથી. માથે કફન લઈને નીકળી પડે છે, અદલ ચાર પેઢી પૂર્વે એનો પૂર્વજ પેલા મૂઠી હાડકાંના માણસની હાકલ પર આઝાદીના જંગમાં ઝુકાવતો હતો, એ જ અદાથી. સ્વરાજ મળ્યું છે પણ એ અધૂરું છે. ૨૧મી સદીના ભારતીય યુવાનને એ સ્વરાજને વૈશ્વિક સંદર્ભે ભોગવવું છે અને એ માટે ગમે તેવો ભોગ આપવાની એની તૈયારી છે.

વિશેષપણે ૨૦૧૨ના અંતિમ ચરણમાં મહિલાઓ જાગી ઊઠી છે તે પણ એક શુભ સંકેત છે. નારી શક્તિના ઐતિહાસિક આંદોલનમાં છેક અંતરિયાળ ગામડાની અભણ સ્ત્રીના હૈયે પ્રજળતી વેદનાને પણ વાચા મળી છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં પ્રચંડ જનશક્તિનો આવો પરચો કદાચ આપણે પહેલી વાર જોયો. ૨૦૧૩નું પ્રભાત એ જનશક્તિ અને યુવાશક્તિની વિસ્ફોટક છતાં વિધાયક અને સર્જનાત્મક તાકાત બનીને પ્રગટ્યું છે ત્યારે આપણે એમની પીઠ થાબડીને આટલું જ કહીએ - 'યા હોમ કરીને પડો, ફતેહ છે આગે....'

ખેલ મહાકુંભ : ૨૦૧૨ની મશાલ જ્યોત રેલીને ગાંધીનગરથી પ્રસ્થાન કરાવતા મુખ્યમંત્રી

# રાજ્યમાં ૨૧ લાખ ખેલાડીઓનું વિક્રમસર્જક રજિસ્ટ્રેશન
# રાજ્યમાં નવી સ્પોટ્ર્સ પોલિસી બનશે : નરેન્દ્ર મોદી






ગાંધીનગર, તા. ૩૧
મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેલમહાકુંભ/૨૦૧૨ માટેની મશાલ-જ્યોત રેલીનું આજે ગાંધીનગરથી પ્રસ્થાન કરાવતાં રમત-ગમતને સ્પર્ધારૂપે નહીં પણ સમસ્ત સમાજજીવનના સહજ હિસ્સા તરીકે વિકસાવવાનો નિર્ધાર વ્યકત કર્યો હતો.

આગામી ખેલમહાકુંભ-૨૦૧૨-૧૩ની પૂર્વ તૈયારીરૂપે ૧૮ દિવસ સુધી આ મશાલ જ્યોતયાત્રા ગુજરાતભરમાઁ રમશે ગુજરાત, જીતશે ગુજરાતઁનો સંદેશ લઈને પરિભ્રમણ કરશે. આ વર્ષે ૨૧ જેટલી રમતો માટે વિક્રમસર્જક ૨૧ લાખ ખેલાડીઓએ ભાગ લેવાની નોંધણી કરાવી છે તેનો ઉલ્લેખ ગૌરવભેર કરતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે રમતમાં સ્પર્ધા કે હાર-જીતનું નહીં પણ ખેલદિલીના તંદુરસ્ત વાતાવરણનું મહત્વ છે અને ખેલમહાકુંભથી ખેલદિલીની પ્રતિષ્ઠા વધશે, ખેલાડીઓની રમત-ગમત કૌશલ્યની શકિતઓનો આત્મવિશ્વાસ વધશે.

મુખ્યમંત્રીશ્રીએ ચૂંટણીની આચારસંહિતા અમલમાં હોવાથી ત્રણેક મહિના રમત-ગમતના ખેલમહાકુંભની અંતરંગ પૂર્વતૈયારીઓ પછી છેલ્લા એક જ સપ્તાહમાં આટલો વિરાટ રમતોત્સવ યોજવાનું કાર્ય ઉપાડી લેવા માટે સહુ સહયોગીઓને અભિનંદન આપ્યા હતા.

ખેલમહાકુંભની બે વર્ષની અદ્‌ભૂત સફળતાએ ગુજરાતમાં રમત-ગમત પ્રત્યેની શાળા, સમાજ, પરિવારોની ઉદાસિનતા અને નિરુત્સાહના વાતાવરણમાં બદલાવ લાવી દીધો છે. રમતના મેદાનો, રમતોની સુવિધાના નીતિ-નિયમો, ગુણવિકાસ, ખેલાડીઓનું ક્ષમતા નિર્માણ આ બધામાં એક મહાત્મ્યનું ગુણાત્મક પરિવર્તન આવી ગયું છે. શાળામાં વ્યાયામ અને પી.ટી. શિક્ષકોને પણ નવી પ્રતિષ્ઠા મળી છે. ખેલમહાકુંભને આટલા વિશાળ પાયા ઉપર સફળ બનાવવામાં વ્યાયામ અને શાળાના રમત ક્ષેત્રના શિક્ષકોએ ખૂબ મહત્વનું યોગદાન આપ્યું છે તે માટે તેઓ પણ અભિનંદનને અધિકારી છે એમ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું.

## રાજ્યના શારીરિક અને માનસિક વિશિષ્ટ રમતવીરોની હાજરીમાં મશાલ રેલીનું પ્રસ્થાન

ગાંધીનગર, તા. ૩૧
ગાંધીનગર શહેરના સેક્ટર-૧૭ખાતે સ્થિત ટાઉન હૉલ ખાતેથી ખેલ મહાકુંભ, ૨૦૧૩ અંતર્ગત આજે મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ મશાલની જ્યોત પ્રગટાવી ત્રીજા ખેલ મહાકુંભની મશાલ રેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું, જેમાં વિવિધ જિલ્લામાંથી આવેલા અને વિવિધ રમતો સાથેત સંકળાયેલા શાળા-કોલેજ સહિત શારીરિક-માનસિક વિશિષ્ટ રમતવીરો હાજર રહ્યા હતા અને મુખ્યમંત્રીનું ભવ્ય સ્વાગત કર્યું હતું.

ટાઉનહૉલ ખાતે આયોજિત આ મશાલ રેલીના પ્રારંભે તમામ ઉપસ્થિત મહાનુભાવોનું ઢોલ નગારા અને શરણાઈથી સ્વાગત કરવામાં આવ્યું હતું અને બાદમાં નરેન્દ્રભાઈ મોદીએ યુવા રમતવીરોની હાજરીમાં રેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું. રેલીમાં વિદ્યાર્થીઓનો ઉત્સાહ ભરપૂર દેખાઈ રહ્યો હતો. જ્યારે વિશિષ્ટ અને વિકલાંગ રમતવીરોએ સામાન્ય રમતવીરોને શરમાવે તેવો જોમ અને જુસ્સો પ્રગટ કર્યો હતો. અંતે આશરે ૧૦ જેટલા વાહનોમાં રેલી ગાંધીનગરની હિંમતનગર તરફ પ્રસ્થાન કરી ગઈ હતી.

## કોલવડા કન્યા શાળા ખાતે જૂથ શાળાઓનો રમતોત્સવ યોજાયો



ગાંધીનગર, તા. ૩૧
કોલવડા કન્યા શાળા-૨ ખાતે કોલવડા, ચામુંડાપુરા અને વાવોલની કુલ પાંચ જૂથ શાળાઓનો રમતોત્સવ યોજવામાં આવ્યો હતો, જેમાં ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે આયોજિત એક સમારોહના પ્રમુખ તરીકે કોલવડા ગ્રામ પંચાયતના સરપંચ રમેશભાઈ પટેલ, પગાર કેન્દ્ર શાળાનાં આચાર્ય મીનાક્ષીબેન નાયક, જૂથ શાળાના આચાર્યો, શિક્ષકો, એસએમસીના સભ્યો તથા ગામના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સીઆરસી કો-ઓર્ડીનેટર રાજુભાઈ તથા શક્તિસિંહ ગોહિલ દ્વારા આ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, તથા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત પીટીસી કૉલેજ, ગાંધીનગરની વિદ્યાર્થીનીઓએ આ રમતોના સંચાલનમાં સક્રિય સહયોગ આપ્યો હતો.

ગોળાફેંક, લાંબીકૂદ, ઊંચી કૂદ, ચક્રફેંક જેવી વ્યક્તિગત રમતો ઉપરાંત કબડ્ડી અને ખો-ખો જેવી સાંઘિક રમતોનું આયોજન પણ આ રમતોત્સવ અંતર્ગત કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે જૂથ શાળાના શિક્ષકોએ પણ એક થઈ રમતોમાં ભાગ લીધો હતો.

સમગ્ર રમતોત્સવ માટે સરપંચ રમેશભાઈ પટેલ તથા ગામના અગ્રણી શકરાજી ઠાકોર દ્વારા સૌજન્ય પુરું પાડવામાં આવ્યું હતું.

## રાજય સ્પીડ સ્કેટીંગ સ્પર્ધામાં ટવીન્સ ભાઈ બહેન ઝળકયા

ગાંધીનગર, તા.૩૧
ગાંધીનગર શહેરની સ્વામીનારાયણ પબ્લિક સ્કૂલમાં ધોરણ-૭માં અભ્યાસ કરતા ટવીન્સ ભાઈ-બહેન વ્રિન્દા પટેલ અને વૃદિત પટેલે તાજેતરમાં ગુજરાત રાજય રોલર સ્કેટીંગ ચેમ્પીયનશીપ ૨૦૧૨ની સ્પીડ સ્કેટીંગ સ્પર્ધામાં અમદાવાદ અને બોપલ ખાતે ગોલ્ડ મેડલ સિલ્વર મેડલ અને બ્રોન્ઝ મેડલ મેળવી ચેમ્પીયનશીપ મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે તથા શાળા અને સમાજનું ગૌરવ વધાર્યું છે.



અમદાવાદના બોપલ વિસ્તારમાં તાજેતરમાં ૩૨મી ગુજરાત રાજય રોલર સ્કેટીંગ ચેમ્પીયનશીપ ૨૦૧૨ની સ્પીડ સ્કેટીંગ સ્પર્ધા યોજાઈ હતી સ્પર્ધામાં ૧૨ થી ૧૪ વર્ષના ગૃપમાં રીંક-૧ (૩૦૦ મી.), રીંક-૨ (૫૦૦ મી.), રીંક-૩ (૧૦૦૦ મી.) તથા રોડ રેસ ૨૦૦૦ મી.માં વ્રિન્દા પટેલ અને વૃદિત પટેલે ચાર ચાર ગોલ્ડ મેડલ મેળવી સમગ્ર રાજયમાં ઓવર ઓલ પ્રથમ સ્થાન મેળવ્યું છે અને ચેમ્પીયન ટ્રોફી હાંસલ કરી છે. બંને ભાઈ બહેન તા.૨૦મીથી ૨૫મી જાન્યુઆરી દરમિયાન મુંબઈ ખાતે યોજાનાર રાષ્ટ્ર કક્ષાની સ્પીડ સ્કેટીંગ સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રથમ નંબરે પસંદગી પામ્યા છે અને સ્પર્ધામાં ભાગ લેવા આગામી દિવસોમાં જશે.

બરોડા ખાતે યોજાયેલ રાજયકક્ષાની સ્કૂલ ગેમ સ્પીડ સ્કેટીંગ સ્પર્ધામાં પણ બંને ભાઈ બહેને ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો હતો. રાજય કક્ષાની સ્પીડ સ્કેટીંગ સ્પર્ધામાં અંડર-૧૪ ગૃપમાં રીંગ-૧ (૩૦૦ મી.), રીંક-૨ (૧૫૦૦ મી.) તથા રોડ રેસ ૨૦૦૦ મી.માં વ્રિન્દા પટેલે બે ગોલ્ડ મેડલ સાથે પ્રથમ સ્થાન મેળવ્યું છે તથા વૃદિત પટેલે એક ગોલ્ડ મેડલ, એક સિલ્વર મેડલ અને એક બ્રોન્ઝ મેડલ મેળવી દ્વિતીય સ્થાન મેળવ્યું છે. તા.૧લી જાન્યુઆરીથી ૮મી જાન્યુઆરી ૨૦૧૩ દરમિયાન બંને ભાઈ બહેન દિલ્હી ખાતે યોજાનાર રાષ્ટ્રકક્ષાની સ્પીડ સ્કેટીંગ સ્પર્ધામાં ભાગ લેવા જશે. દિલ્હી અને બોમ્બે ખાતે યોજાનાર સ્પર્ધામાં બંને ભાઈ બહેન સુંદર પ્રદર્શન કરે તેવી શાળા પરિવારે શુભેચ્છા પાઠવી છે.

## આદરજ મોટી પ્રાથમિક શાળામાં સી.આર.સી. કક્ષાનો રમતોત્સવ

ગાંધીનગર, તા. ૩૧
આદરજ મોટી પ્રાથમિક કુમાર શાળામાં સી.આર.સી. કક્ષાનો વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોનો રમતોત્સવ ઉજવાયો હતો.

સરપંચ લાલાજી ઠાકોર પ્રમુખ સ્થાને હતા. પંચાયત સભ્ય બીપીનભાઈ પટેલ ઉપરાંત એસ.એમ.સી.ના અધ્યક્ષ મંજુલાબેન ઠાકોર, આચાર્યશ્રી વીણાબેન પટેલ, શિક્ષક લીલાબેન પટેલ વગેરેએ દીપ પ્રાગટ્ય કર્યું હતું. રમતોની શરૂઆતમાં આતશ જયોતથી કરવામાં આવી હતી.

૬ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ આ રમતોત્સવમાં ભાગ લીધો હતો.

સરપંચ તથા શાળાના શિક્ષિકાબેન, લતાબેન પટેલ દાતા રહ્યા હતા. રમતોત્સવમાં સંકળાયેલાઓને પ્રસાદ ગ્રહણ કરાવેલ હતો.

# યુવાઓના હાથમાં ભવિષ્ય ઉજળું : હેપ્પી ન્યૂ યર

## યુવા સક્રિયતાની જ્યોત પ્રજ્વલિત થઈ ચૂકી છે અને વર્ષ ૨૦૧૩ ઉપરાંત એ પછી પણ યુવાનીની સક્રિયતાની આ જ્યોત કાયમ રહેશે, જે નિશ્ચિતપણે દેશને અજવાળું આપશે

નવું વર્ષ આવી ગયું ને નવી આશાઓ પણ સાથે લાવ્યું. અલબત્ત, નવી આશાઓ જૂનું વર્ષ જ આપી ગયું છે, જે હકીકતે છે નવા વર્ષ માટે. અને આ વખતે સારા સમાચાર એ છે કે નવા વર્ષથી ભવિષ્ય યુવાઓના હાથમાં ઉજળું હોવાની આશા જૂના વર્ષે આપી છે.

આમ તો એવું કહેવાય છે કે યુવાની એ આવતીકાલની પેઢી છે અને ભવિષ્ય એમના જ હાથમાં હોય છે, પણ વાસ્તવિકતા એ છે કે આઝાદી પછી બહુધા એવું જોવા મળ્યું નથી. ફિલ્મ અને આઈટીને બાદ કરતાં બધાં જ ક્ષેત્રોમાં વયસ્કોનો જ જમાવડો જોવા મળ્યો છે, પછી એ ક્ષેત્ર સમાજસેવા હોય કે રાજકારણ - યુવાઓ કહેવા માટે જ આગળ, બાકી બધે વયસ્કોનું, સોરી, અનુભવીઓનું ચલણ ચાલે.

પણ ૨૦૧૨માં સ્થિતિ બદલાઈ. આ વર્ષે એવી એંધાણી આપી દીધી કે હવે બસ, બહુ થયું. યુવા વર્ગ પણ આગળ આવવામાં માને છે, એને આગળ આવતાં આવડે છે અને એ આગળ આવી પણ શકે છે.

૨૦૧૨ની ત્રણ મહત્ત્વની ઘટનાઓએ આ બાબતની સાબિતી આપી. પહેલી ઘટના અન્ના હજારેની. સરકાર સામે બાંયો ચડાવીને ભ્રષ્ટાચાર ભગાવવા બેઠેલા અન્નાની સાથે દેશનો યુવા વર્ગ મોટી સંખ્યામાં જોડાયો અને એક ચિનગારીને જાણે હવા મળી ગઈ, એક જ્યોત જાણે જ્વાળા બની ગઈ અને એણે ન માત્ર આખા દેશને પરંતુ સરકારી તંત્રનેય હચમચાવી મૂક્યું. કોઈનેય કહેવું નથી પડ્યું ભ્રષ્ટાચાર વિરોધી એ લડાઈમાં જોડાવા માટે, અને તેમ છતાં જાણે કોઈ એમાંથી બાકાત પણ રહ્યું નહોતું એવો યુવાવર્ગે એ આંદોલનને સાથ આપ્યો હતો.



આટલી બધી સંવેદના હોય છે એ તો દેશે ત્યારે જાણ્યું.

યુવાવર્ગમાં ગંભીરતા હોતી નથી, એ કોઈની લાગણીને કશું ગણતા નથી, કોઈ બાબતને ગંભીરતાથી લેતા નથી.... વગેરે વગેરે દલિલોનો છેદ આ વખતે યુવાવર્ગે સાવ ઊડાડી દીધો. યુવતિ જીવી ત્યાં સુધી તો ઠીક પણ એના મર્યા પછીય હજુ એના માટે ન્યાયની માગ એટલી જ પ્રબળ છે અને નિશ્ચિત ગુનેગારોને ફાંસીને માંચડે નહીં લટકાવાય ત્યાં સુધી આ ચિનગારી બુઝાશે નહીં.

અને સૌથી વખાણવા જેવી વાત એ કે ગાંધીનગર સહિત દેશના અનેક યુવક-યુવતિઓએ પિડીતાને શ્રદ્ધાંજલી અર્પણ કરતાં આ વખતે થર્ટી ફર્સ્ટની નાઈટની ઉજવણી ન કરી.આ ત્રણેય કિસ્સાઓએ એ બાબતની સાબિતી આપી દીધી છે કે હવેનો જમાનો યુવાઓનો છે, હવેનો વખત યુવાવર્ગનો છે, હવેની દુનિયા યુવાનીની છે. યુવાનો વખત આવ્યે એવી પરિસ્થિતિનું નિર્માણ કરી શકે છે કે સત્તાનેય ઝૂકવું પડે, સરકારનેય વિચારવું પડે ને કાયદાનેય પોતાની જોગવાઈઓમાં ફેરફાર કરવા પડે એ બાબતનો પરચો યુવાનીએ આપી દીધો છે.

જ્યોત પ્રજ્વલિત થઈ ચૂકી છે અને વર્ષ ૨૦૧૩ ઉપરાંત એ પછી પણ યુવાનીની સક્રિયતાની આ જ્યોત કાયમ રહેશે, જે નિશ્ચિતપણે દેશને અજવાળું આપશે, ભવિષ્યને ઉજ્જવળ કરશે. નવું વર્ષ યુવાવર્ગની સક્રિયતાના સારા સમાચાર લઈને આવ્યું છે, ખુશ થાઓ, હરખાઓ. હેપ્પી ન્યૂ યર ! વિશ યુ અ વેરી બ્રાઈટ ફ્યુચર !



### પ્રસંગસર
- કુંતલ નિમાવત

એ પછી આવી ગુજરાત વિધાનસભાની ચૂંટણી. સામાન્ય રીતે ચૂંટણીથી દૂર રહેનારા અને રાજકારણથી પણ દૂર રહેનારા યુવાનોએ ખુલીને ચૂંટણીમાં ભાગ લીધો, ચૂંટણી પ્રચારમાં પણ ભાગ લીધો અને એટલી જ મોટી સંખ્યામાં મતદાન પણ કર્યું. મતદાન એટલું થયું કે ગુજરાતની ચૂંટણીના ઈતિહાસમાં એક રેકર્ડ થઈ ગયો. યુવાનોએ બોલ્યા વિના પોતાની તાકાતનો પરચો આપી દીધો.

અને એ પછીની ઘટના એટલે દામિનીને સમર્થનની ઘટના, એના માટે ન્યાય માગવાની ઘટના. એક અજાણી યુવતિની પડખે આખા દેશનો યુવા વર્ગ ઊભો રહી ગયો. એના માટે શાંત રેલીઓ કરી, હિંસક આંદોલનો પણ કર્યા ને એના માટે પ્રાર્થનાઓ પણ કરી. યુવાવર્ગમાં

